


# NRG TIMES


A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. ફેબ્રુઆરી ૧૫, ૨૦૨૨ • મહા સુદ ૧૪, સંવત ૨૦૭૮


Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State
for NRGs (Independent Charge),
Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

## ગાંધીનગર ગિફ્ટ સિટીમાં વર્લ્ડ ક્લાસ ફિનટેક યુનિવર્સિટી અને ઇન્ટરનેશનલ આર્બિટેશન સેન્ટર સ્થપાશે

કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે પોતાની બજેટ સ્પીચમાં ગુજરાતને લઈ કેટલીક ખાસ જાહેરાતો કરી છે, જેમાં ગાંધીનગર ખાતે ગિફ્ટ-સિટીમાં વિશ્વકક્ષાની ફિનટેક યુનિવર્સિટી અને આંતરરાષ્ટ્રીય આર્બીટ્રિશન સેન્ટરની સ્થાપના કરવાની જાહેરાત, નદીઓના ઇન્ટરલિન્કિંગ, રાજ્યને એક લાખ કરોડ રૂપિયાની વ્યાજ વગરની લોન ઉપરાંત સુરતના ડાયમંડ માર્કેટને પ્રોત્સાહિત કરતી જાહેરાતોનો સમાવેશ થાય છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય બજેટ પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે સ્થાનિક વ્યવસાયો અને પુરવઠા શૃંખલાઓને મદદરૂપ થવા વન સ્ટેશન વન પ્રોડક્ટનો અભિગમ લોકપ્રિય બનશે. બજેટમાં સરકાર દ્વારા રફ ડાયમંડ પરની ડ્યૂટી ઘટાડી પાંચ ટકા કરવામાં આવતા સુરત વૈશ્વિક સ્તરે ડાયમંડ હબ તરીકે ઊભરી આવશે. ગાંધીનગરમાં ફિનટેક, સાયન્સ, ટેક્નોલૉજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ ક્ષેત્રે નવી યુનિવર્સિટીઓ અને ઇન્સ્ટિટ્યૂટ ગિફ્ટ સિટીમાં સ્થપાશે જેનાથી દેશમાં ઉભરતી ટેક્નોલૉજી અને ફાઇનાન્સનો સમન્વય શક્ય બનશે. ઇન્ટરનેશનલ આર્બીટ્રિશન સેન્ટર શરૂ થવાથી વિદેશી કંપનીઓ ગિફ્ટ સિટીમાં તેમના એકમો સ્થાપશે. ગિફ્ટ સિટીમાં વિશ્વસ્તરીય યુનિવર્સિટીઓની સ્થાપનાથી ફાઇનાન્સિયલ સર્વિસિસ ક્ષેત્રે કુશળ માનવબળની ઉપલબ્ધતા સરળ બનશે તથા ગિફ્ટ સિટી ખાતે ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસને વેગ આપશે. (Source : www.divyabhaskar.co.in)

## ગુજરાતે કોરોનાની રસીના ૧૦ કરોડ ડોઝની સિદ્ધિ હાંસલ કરી




કોરોના મહામારી સામે રક્ષણાત્મક એવા હાથવગા હથિયાર કોરોના વેક્સિનના ૧૦ કરોડથી વધુ ડોઝ નાગરિકોને આપવાની સિદ્ધિ ગુજરાતે મેળવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોને કોરોના વેક્સિનેશનનું સુરક્ષા કવચ આપવા સતત કાર્યરત રહેલા આરોગ્ય કર્મીઓ અને ફ્રન્ટલાઇન વર્કર્સ, કોરોના વોરિયર્સને આ સેવા સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યા છે. ગુજરાતમાં કોરોના વેક્સિનેશનનો પ્રારંભ સમગ્ર દેશ સાથે ૧૬મી જાન્યુઆરી-૨૦૨૧થી કરવામાં આવ્યો હતો. ૩૧ જાન્યુઆરી-૨૦૨૧થી ફ્રંટલાઇન વર્કર્સનું રસીકરણ શરૂ કરનારૂં ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય બન્યું હતું. આ સઘન ઝૂંબેશ અને જનજાગૃતિના પ્રયાસો વેગવંતા બનાવી ગુજરાતમાં ૧૮ વર્ષથી વધુ વયના ૪ કરોડ ૮૭ લાખ ૧૧,૬૮૧ એટલે કે ૯૮.૮ ટકા લાભાર્થીને પહેલો ડોઝ, ૪ કરોડ ૫૯ લાખ ૩૬ હજાર ૪૮૧ એટલે કે પાત્રતા પ્રાપ્ત વયજૂથના ૯૫.૭ ટકાને બીજો ડોઝ આપી દેવાયો છે. એટલું જ નહિ, ૩ જાન્યુઆરી-૨૦૨૨થી ૧૫ થી ૧૮ વર્ષની વયજૂથના બાળકોને કોવિડ વેક્સિન આપવાની કામગીરી શરૂ કરીને પાત્રતા ધરાવતા ૩૫.૫૦ લાખ બાળકોમાંથી ૭૯.૯ ટકા એટલે કે ૨૮,૪૪,૪૯૬ને પહેલો ડોઝ અને ૫૨.૨ ટકા એટલે કે ૧૦,૧૦,૨૬૭ને બીજો ડોઝ આપીને સુરક્ષિત કરવામાં આવ્યા છે. ૧૦મી જાન્યુઆરી-૨૦૨૨થી પ્રિકોશન ડોઝ આપવાની કામગીરી ગુજરાતમાં શરૂ કરીને ૧૬ લાખ ૨૧ હજાર ૧૩૮ પ્રિકોશન ડોઝ આપવામાં આવ્યા છે. સમગ્રતયા રાજ્યમાં ૧૦ કરોડથી વધુ વેક્સિનેશન ડોઝ તા.૮મી ફેબ્રુઆરી સુધીમાં આપી દેવાયા છે.

(Source : https://cmogujarat.gov.in)


Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR
PRIVATE CIRCULATION ONLY


વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## સુરતની રજિતા શાહની બાફ્ટા બ્રેક થ્રુ ૨૦૨૧માં પસંદગી



બ્રિટિશ એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલીવિઝન આર્ટ્સ (બાફ્ટા) બ્રેક થ્રુ ૨૦૨૧ની યાદીમાં મૂળ સુરતના હાલ લંડનમાં રહેતા રજિતા શાહની પસંદગી થઈ છે, જેમાં યુકેમાં કામ કરતાં ૨૫ અભિનેતાઓ, દિગ્દર્શકો, નિર્માતાઓ, સિનેમેટોગ્રાફર્સ, લેખકોનો સમાવેશ થાય છે. ૨૦૨૧માં આ સન્માન મેળવનાર તેઓ એકમાત્ર ભારતીય છે. સુરત સ્થિત ઉદ્યોગપતિ રાજન શાહ અને મીતા શાહની પુત્રી રજિતા યુએસમાં સ્કૂલ ઓફ વિઝ્યુઅલ આર્ટ્સ અને રોયલ હોલોવે લંડન યુનિવર્સિટીની પ્રોડક્શન અને ફિલ્મ નિર્માણની ભૂતપૂર્વ વિદ્યાર્થિની છે. તેમણે શોર્ટ ફિલ્મ અને દિગ્દર્શનમાં હાથ અજમાવ્યો પરંતુ પ્રોડક્શન ક્ષેત્રે કરિયર બનાવ્યું. તેમની સૌથી જાણીતી ફિલ્મ લવ સરાહ છે.

(સંદર્ભ : ગુજરાત સમાચાર 30.1.2022)

## ભાન્ડુના એનઆરઆઇ ભાઈઓનો વતન પ્રેમ : ગ્રામ પંચાયતને ૪૦ લાખ આપ્યા

વિસનગર તાલુકાના ભાન્ડુ ગામના અને વર્ષોથી અમેરિકા સ્થાયી થયેલ ત્રણ ભાઇઓએ માતૃભૂમિનું ઋણ ચૂકવવા ગામના નવીન પંચાયત ઘરના બાંધકામ માટે ૪૦ લાખ રૂપિયાનું દાન કર્યું છે. અગાઉ પણ આ ભાઈઓ ગામના પંચાયત હોલ, હોસ્પિટલ સહિતની સગવડો માટે ૧૦ લાખથી ઉપરનું દાન કરી ચૂક્યા છે. ભાન્ડુ ગામના અને છેલ્લા ઘણા વર્ષોથી અમેરિકા સ્થાયી થયેલ પટેલ પરિવારના નટુભાઇ, બાબુભાઇ અને ભરતભાઇએ તેમના પિતા સ્વ. ઇશ્વરભાઇ ત્રિકમદાસ પટેલની યાદમાં તેમજ વતનનું ઋણ ચૂકવવા ગામમાં નવીન પંચાયત ઘરની હાલ જરૂરિયાત હોવાથી મિશન ગોલ્ડન સિટી પ્રોજેક્ટ અંતર્ગત પંચાયત ઘરના બાંધકામ માટે ૪૦ લાખ દાન આપતાં ગ્રામજનોએ તેમના વતન પ્રેમને બિરદાવ્યો હતો.

(Source : www.divyabhaskar.co.in)

## ઉજ્જૈન ગુજરાતી સમાજ સંચાલક કારોબારીની ચૂંટણી



ઉજ્જૈન શહેરના મુખ્ય ગુજરાતી સમાજની કારોબારી સમિતિના ૧૦ પદાધિકારીઓ માટે તાજેતરમાં ચૂંટણી યોજાઈ હતી, જેમાં આશિષ મહેતા, જગદીશ પૂજારા, રમણ પટેલ, રવિન્દ્ર જેઠવા, ઉમેશ દવે, કિરીટ પંડ્યા, દિનેશ શાહ, મનીષ ખેરડિયા, જીગર અધ્યાપક અને જીજ્ઞેશ શાહને સૌથી વધુ મત મળતા વિજયી જાહેર કરાયા હતા. ગુજરાતી સમાજના ટ્રસ્ટી સંજય આચાર્યએ જણાવ્યું કે હવે આગામી દિવસોમાં કારોબારી સમિતિના હોદ્દેદારોની ચૂંટણી થશે. આ પછી ચૂંટાયેલા સભ્યોની પ્રથમ બેઠકમાં આ ચૂંટાયેલા સભ્યોમાંથી પ્રમુખ, ઉપપ્રમુખ, સચિવ, સહ-સચિવ અને ખજાનચીની પસંદગી કરવામાં આવશે.

(Source : https://avnews.in)

## ભોપાલ ગુજરાતી સમાજ દ્વારા ધંધા માટે વ્યાજ વગર ૫૦ હજારની લોન




ભોપાલ શહેરના ગુજરાતી સમાજે કોરોનાની ત્રીજી લહેરમાં પણ જરૂરિયાતમંદોને મદદ કરવાનું નક્કી કર્યું છે. સમાજના નાના વેપારીઓ જેમનો ધંધો ઠપ થઈ ગયો છે અને જેઓ ધંધો ફરી શરૂ કરવા ઈચ્છે છે તેમને ૨૦ થી ૫૦ હજાર રૂપિયા સુધીના વ્યાજ વગર સરળ હપ્તા પર લોન આપવાની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતી સમાજના સંજય પટેલે જણાવ્યું હતું કે, જે સમાજમાં રોગચાળાને કારણે જેમનો ધંધો ખોટમાં છે અથવા બંધ છે, તેમને એક વર્ષમાં પરત કરવાની શરતે ૨૦થી ૫૦ હજારની લોન આપવામાં આવશે.

(Source : www.bhaskar.com)

## ગુજરાતી દેવસ્યએ ઉત્તરાખંડમાં મેળવ્યું ઉચ્ચતમ સ્થાન

ઉત્તરાખંડ સ્ટેટ કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી દેહરાદૂનમાં ૨૯મી રાજ્ય સ્તરીય ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હરિદ્વારના ધોરણ ૧૧ના વિદ્યાર્થી દેવસ્ય દેસાઈ દ્વારા 'ઇકોસિસ્ટમ ફોર સસ્ટેનેબલ લિવિંગ' થીમ અંતર્ગત રજૂ કરેલ સંશોધનને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. દેવસ્યના સંશોધનનો વિષય ટ્રાઇકોડર્મા ટ્રીટમેન્ટ દ્વારા માનવ મળને ખેડૂતો માટે ઉપયોગી બનાવવા માટે રૂપાંતરિત કરવાનો છે. નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ એ NCSTC અને ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ભારત સરકાર) નવી દિલ્હીનો કાર્યક્રમ છે જેનો ઉદ્દેશ્ય શાળા કક્ષાએથી વિજ્ઞાનના વિદ્યાર્થી અને વૈજ્ઞાનિક વિચાર ધરાવતા અન્ય કોઈપણ બાળકોમાં વૈજ્ઞાનિક સંવેદના પેદા કરવાનો છે. રાજ્યકક્ષાએ પસંદગી બાદ કુલ ૧૬ બાળ વૈજ્ઞાનિકોની રાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી કરવામાં આવી હતી જેનું આયોજન ૧૫ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા દ્વારા કરવામાં આવશે. દેવસ્ય હવે રાષ્ટ્રીય સ્તરે ઉત્તરાખંડ રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે, જ્યાં પસંદગી પામેલા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરે ભારતીય રાષ્ટ્રીય





વિજ્ઞાન કોંગ્રેસનો ભાગ બનવાનું સન્માન મળશે અને તેમને ભારત અને વિદેશના ટોચના વૈજ્ઞાનિકોને મળવાની તક પણ મળશે. ગાયત્રી વિદ્યાપીઠ શાંતિકુંજના દેવસ્યના સંશોધનને રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ટ સ્થાન મળતા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે તેમને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી. અહીં ઉલ્લેખનીય છે કે દેવસ્ય ગુજરાત મૂળના NRG પરિવારનો બાળક છે. તેમનો પરિવાર હાલ ઉત્તરાખંડમાં રહી કાર્ય કરે છે. દેવસ્યએ ઇનિશિએટીવ ફોર રિસર્ચ એન્ડ ઇનોવેશન ઈન સ્ટેમ (IRIS) તથા CSIRના ઇનોવેશન એવોર્ડ ફોર સ્કૂલ ચિલ્ડ્રન (CIASC) ૨૦૨૧માં પણ પોતાની પ્રતિભા સાબિત કરી છે.

# જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની 'વતન પ્રેમ યોજના'

ગુજરાત સરકાર દ્વારા તા. ૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે 'માદરે વતન યોજના' અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ થકી વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે આ યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ યોજના દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ - વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધારી ગામને વધુ જીવંત બનાવવાની કલ્યાણકારી ભાવના સાથે અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાનો વ્યાપ અને અગત્યતા ધ્યાને લઈને યોજનાના વધુ અસરકારક અમલ માટે મૂળ યોજનામાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે યોજનાની મૂળ જોગવાઇઓમાં ફેરફાર કરીને નીચેની જોગવાઇઓને આધીન રહીને અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૧) આ યોજનાનું નામ 'વતન પ્રેમ યોજના' રહેશે.

(૨) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સૂચિઃ

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ ક્લાસ
૨. કોમ્યુનિટી હોલ
૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ) - પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન
૪. આંગણવાડી - મધ્યાહન ભોજનનું રસોડુ - સ્ટોરરૂમ
૫. પુસ્તકાલય
૬. રમતગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.
૭. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
૮. સ્મશાનગૃહ
૯. વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઇત્યાદી
૧૦. તળાવ બ્યુટીફીકેશન
૧૧. એસ.ટી.સ્ટેન્ડ
૧૨. સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

(૩) ઉપરોકત કામોના નિયત ખર્ચ પૈકી દાતા/દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે. દાતાના રકમની સામે ખૂટતી ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.

(૪) આ યોજનાના અસરકારક અમલીકરણ માટે 'વતન પ્રેમ યોજના સોસાયટી'ની રચના કરાવાની રહેશે. આ સોસાયટી અંતર્ગત ગવર્નિંગ બોડી અને કારોબારી સમિતિ રહેશે. માન. મુખ્યમંત્રીશ્રી આ સોસાયટીની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ રહેશે જ્યારે માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત) તેના ઉપાધ્યક્ષ રહેશે. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

(૫) આ યોજનાના કામો કરવા માટે 'વતન પ્રેમ સોસાયટી' દ્વારા Project Management Unit (PMU) ની રચના કરવામાં આવશે. P M U દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખુલશે, પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવામાં આવશે જેથી દાતાને દાન આપવા માટે તમામ માહિતી મળી શકે અને સુવિધા રહે.



## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન

અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.




## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર

બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.
આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો




બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.



# સુદર્શન તળાવ

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનો સાંસ્કૃતિક ઈતિહાસ ફંફોસીએ તો આપણને અહીંના સેંકડો સરોવર-તળાવોની માહિતી હાથ લાગે, પુરાતત્ત્વીય ઉત્ખનનો આ વાતને ઉજાગર કરે છે. ડૉ. રસેશ જમીનદાર નોંધે છે કે પ્રાક્-હડપ્પીય યુગનું સરોવર કચ્છ જિલ્લાના ધોળાવીરા ગામ પાસેથી હાથ લાગ્યું છે. ધોળાવીરા સંસ્કૃતિના સર્જકોએ પાણીની સુલભતા પ્રાપ્ત કરવા અર્થે વિશાળ સરોવરનું નિર્માણ કર્યું હતું. આપણા રાજ્યનું આ પ્રથમ માનવકૃત જળાશય છે.

ધોળાવીરા પછી બીજું ધ્યાન ખેંચે એવું નગર અમદાવાદ જિલ્લામાં ઉતેળિયા પાસે આવેલું લોથલ છે. નપાણિયા વિસ્તારમાં વસેલું આ નગર છે. જનજીવન અને કૃષિ વિકાસ અર્થે વિશાળકાય જળાશય હોવું જરૂરી છે. આપણા રાજ્યનું પાષાણયુગીન આ બીજું સરોવર છે, જેના કાંઠે માનવજીવન પાંગર્યું હતું. શ્રી જમીનદાર લખે છે કે આ પરંપરા એટલે કે સરોવર નિર્માણની પરંપરા પછી પણ ચાલુ રહી. માનવકૃત ત્રીજું સરોવર જૂનાગઢના પાદરે અને ગિરનારની તળેટીમાં બંધાયું હતું જે સુદર્શન સરોવર નામથી સુવિખ્યાત છે. આ પછીનું વિશાળકાય સરોવર સોલંકી શાસન સમયનું સહસ્ત્રલિંગ સરોવર છે. સાબરકાંઠા જિલ્લાના સુપ્રસિધ્ધ વૈષ્ણવતીર્થ શામળાજી પાસે મેશ્વો નદીના કિનારે ગઇ સદીના આઠમા દાયકા દરમ્યાન નિર્માયેલું જળાશય ‘શ્યામસુંદર સરોવર’ છે.

ભારતના માનવસર્જિત પ્રાચીન તળાવોમાંનું એક અને ગુજરાતનું સૌપ્રથમ ‘બંધ’ તળાવ એટલે જૂનાગઢમાં આવેલું સુદર્શન તળાવ. આ તળાવ ભવનાથ મંદિરથી આગળ જતાં રસ્તાની ઉપરની બાજુએ સ્થિત છે. જૂનાગઢ-ગિરનારમાં સમ્રાટ અશોકનો શિલાલેખ કોતરેલો છે તે જ શૈલ પર આવેલા ક્ષત્રપ રાજા રુદ્રદામા પહેલા અને ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તના શિલાલેખોને આધારે આ પ્રાચીનતમ તળાવ વિશેની માહિતી પ્રાપ્ત થાય છે. ગિરિનગર એટલે વર્તમાન જૂનાગઢમાં આવેલું આ તળાવ મૌર્ય રાજા ચંદ્રગુપ્તના રાષ્ટ્રીય (સૂબા) વૈશ્ય પુષ્પગુપ્તે કરાવેલું. ચંદ્રગુપ્તનો સમયગાળો ઇ.સ. પૂર્વે ૩૨૧થી ૨૯૭નો ગણાય છે એટલે ઇ.સ. પૂર્વે ૩૦૨માં મૌર્યવંશના સ્થાપક ચંદ્રગુપ્તના સૂબા પુષ્યગુપ્તે ગિરિનગર વિકસાવવાની યોજના અંતર્ગત આ તળાવનું નિર્માણ કરાવ્યું હોવાનું જણાય છે. સુવર્ણસિકતા (આજની સોનરખ નદી) અને પલાશિની (લુપ્ત થઈ ગયેલી નદી)ને જોડીને આ તળાવનું નિર્માણ થયું હતું.

મૌર્ય સમ્રાટ અશોકના સમયમાં તેના રાષ્ટ્રીય યવનરાજ તુષાસ્ફે એ તળાવમાંથી નહેરો કરાવી હતી. આમ એ સમયે આ તળાવમાંથી સૌરાષ્ટ્રમાં દૂર સુધી સિંચાઈની સગવડ કરવામાં આવી હતી. ક્ષત્રપ રાજા રુદ્રદામા પહેલાના સમયમાં શક વર્ષ ૭૨ (ઈ. સ. ૧૫૦)માં અતિવૃષ્ટિ થવાને કારણે ઊર્જયત (ગિરનાર) ગિરિની નદીઓમાં ભારે પૂર આવ્યાં, સુદર્શન તળાવનો સેતુ તૂટી ગયો અને તળાવ ખાલીખમ થઈ ગયું. સૂબા સુવિશાખે એને સમરાવવા ભલામણ કરી; પરંતુ મહાક્ષત્રપના મતિ-સચિવોએ અને કર્મચારીઓએ સેતુના સમારકામ માટે ઉત્સાહ દાખવ્યો નહિ. સેતુનું પુનર્નિર્માણ નહિ થાય એ નિરાશાથી પ્રજામાં હાહાકાર થઈ ગયો. સુવિશાખના આગ્રહથી મહાક્ષત્રપ રુદ્રદામાએ સેતુના પુનર્નિર્માણનું કાર્ય મંજૂર કર્યું અને પ્રજા પાસેથી કરવેરા લીધા વિના રાજકોશમાંથી પુષ્કળ ધન ખર્ચીને થોડા વખતમાં મજબૂત સેતુ બંધાવી સુદર્શન તળાવને પહેલાં કરતાં પણ વધુ સુદર્શન બનાવ્યું. આમ, પ્રથમ વખત બન્યા બાદ સુદર્શન તળાવ આશરે ૪૫૦ વર્ષ સુધી ટકી રહ્યું. મૌર્યકાલીન અને ક્ષત્રપકાલીન સુદર્શન વિશેની માહિતી રુદ્રદામા પહેલાના શિલાલેખમાંથી જાણવા મળે છે.

તે પછી ૩૦૦ વર્ષ સુધી આ તળાવ સુરક્ષિત રહ્યું. ગુપ્તકાલમાં સ્કંદગુપ્તના સમયમાં ગુપ્ત સંવત ૧૩૬ (ઈ. સ. ૪૫૫)ના વર્ષાકાલમાં અતિવૃષ્ટિ થવાથી સુદર્શનનો સેતુ ફરી તૂટી ગયો અને જળાશય ખાલી થઈ દુર્દર્શ બની ગયું. પ્રજામાં ભારે હાહાકાર વર્તી ગયો. નગરાધ્યક્ષ ચક્રપાલિને રાજા તથા નગરના હિત અર્થે પુષ્કળ ધન ખર્ચી બે માસની

અંદર સુદર્શનનો સેતુ સમરાવી દીધો. ગિરનારમાં આવેલા સ્કંદગુપ્તના સુંદર સંસ્કૃત પદ્યમાં રચાયેલા શિલાલેખ દ્વારા ગુપ્તકાલીન સુદર્શન તળાવ વિશે જાણવા મળે છે. ગુપ્તકાલમાં સમરાવેલા સુદર્શનને તો શાશ્વતકાલ ટકે તેવું શિલાલેખમાં જણાવ્યું છે; પરંતુ હાલ આ તળાવ ત્યાં મોજૂદ નથી તેમજ તેના અવશેષો પણ જોવા મળતા નથી. જૂનાગઢના વર્તમાન દામોદર કુંડથી પશ્ચિમે ગિરનાર દરવાજા સુધી અને ઉત્તરે ધારાગઢ દરવાજા સુધીના ખીણપ્રદેશમાં કૃત્રિમ સેતુ (બંધ) વડે સુદર્શન તળાવ રચવામાં આવ્યું હશે એમ અનુમાન કરી શકાય.

સુદર્શન જેવાં મોટાં તળાવો બાંધતી વખતે પાણીનું વહેણ, જમીન, તળ, પાણી બાંધવા માટેની અનુકૂળ જગ્યા વગેરે બાબતો તરફ ધ્યાન આપવું પડે છે. વળી તળાવનો બંધ અથવા સેતુ કે પાળ બાંધવા માટેની સગવડ જોવી પડે છે. સુદર્શન જળાશયના ભગ્નાવશેષો જોતાં તેના નિર્માણમાં રાખવામાં આવેલી કાળજી તથા તેને માટે પસંદ કરેલા સ્થળનું મહત્ત્વ સહજ સમજાય તેવું છે. આ સરોવરમાં જે બાજુએ પાણી વહેતું રહેતું તે પથ્થરોથી સચવાયેલી હતી. તે માટીના બંધને મજબૂત રાખતી. બંધ બાંધવામાં વપરાયેલ પથ્થરો અને માટી સ્થાનિક છે. તેથી તે બાંધવામાં વપરાયેલી વૈજ્ઞાનિક બુધ્ધિ ઉચ્ચકક્ષાની છે. સુદર્શન તળાવના લેખો વાંચતાં સમજાય છે કે ઇ.સ. પૂર્વે ચોથી સદીમાં બંધાયેલું આ સરોવર છે. ઇ.સ.ની પાંચમી સદીમાં સંમાર્જિત થયેલુ અને નવસો વર્ષ લગી સચવાયું હોવાના ઉલ્લેખો સાંપડે છે. ત્યારબાદ બસો, ત્રણસો, વરસ લગી ટક્યું હોય તેવો સંભવ છે. આમ માનવકૃત જળાશયે ૧૨૦૦ વર્ષ લગી સેવા આપી એ મહત્ત્વની હકીકત છે એમ ડૉ. આર.ટી. સાવલિયા ગુજરાતના 'પ્રાચીન સરોવરો અને કુંડો'માં નોંધે છે.

મૌર્યવંશના સ્થાપક ચંદ્રગુપ્તના રાજ્યપાલ પુષ્યગુપ્તે સુરાષ્ટ્રના પાટનગર નજીકમાં ગિરિમાંથી વહેતી સુવર્ણસિકતા, પલાશિની વગેરે નદીઓના પ્રવાહને રોકીને સુદર્શન નામે જળાશય બંધાવ્યું. ધારાગઢ દરવાજા પાસેના ત્રિવેણી સ્થળે આવા ત્રણ પ્રવાહનો સંગમ થતાં સુદર્શન તળાવનું સંગમ અને ખડક વચ્ચેના નીચાણમાં હોવું જોઇએ એમ શ્રી આર. એન. મહેતા નોંધે છે. ડૉ. ર. ના. મહેતાએ નવેસરથી સુદર્શન સરોવર સ્થળની તપાસ કરીને તારણ કાઢ્યું છે કે આ સેતુ ઉપરકોટની પાસેથી પસાર થતો હતો અને ધારાગઢ દરવાજાની અંદર થઇને ખાપરા કોડીયાની ગુફાઓ પાસે થઇ જોગણિયા ડુંગર સુધી લંબાયેલો હતો. આ સેતુ એક કિલોમીટર લાંબો હતો જેનો પાયો ૧૦૦ મીટર પહોળો અને ઉપરના ભાગે ૧૧ મીટર પહોળો હતો. તેની ઊંચાઇ ૧૭ મીટર હતી જેમાં ઈંટની લંબાઇ ૧૯ ઇંચ થી ૨૨ ઇંચની જોવા મળે છે.


મૌર્યકાલીન સુદર્શન તળાવના કાંઠા મજબૂત હતા. સમગ્ર બાંધકામ સાંધા વગરનું નક્કર હતું. વચ્ચે કુદરતી બંધ પણ હતો. યોગ્ય જગ્યાએ પ્રણાલી ગરનાળાં, પરીવાહ-નહેર અને મીઢવિધાન-ચાળણી ઇત્યાદિ હતા. ચંદ્રગુપ્તના પૌત્ર અશોક મૌર્યે પૌરજનોને ઉપયોગી થાય તે માટે સુદર્શનમાંથી નહેરો કઢાવીને જળાશયનું જળ આસપાસની જમીનને પૂરું પાડવાનો પ્રબંધ કર્યો હતો. અશોકના રાજ્યપાલ યવનરાજ તુષાસ્ફે આ તળાવને પ્રણાલીઓથી અલંકૃત કર્યું હતું. એના તટ પર અટ્ટાલિક-અટાળી, ઉપતલ્પ-છત્રી, દ્વાર-દરવાજા શરણ-આરામ-સ્થળ અને તોરણ શિલ્પોથી શણગાર્યું હતું, એમ ડો. હરિપ્રસાદ શાસ્ત્રી લખે છે.

આમ જૂના કાળે ઇંટો અને પથ્થરોનો ઉપયોગ તળાવો બાંધવામાં શરૂ થયો નહોતો ત્યારે તળાવો બનાવવા માટે પાણીના ઝરણાં કે નદીના પ્રવાહને રોકવા બંધ બાંધી તળાવોનું નિર્માણ કરાતું. ગુજરાતના પ્રાચીન જળાશયો જોતાં તળાવો બાંધવાની પધ્ધતિ ઘણા પ્રદેશોમાં ફેલાયેલી હોવાનું ડૉ. સાવલિયા નોંધે છે. ઘૂમલીમાં રામાપોળ દરવાજા બહાર જે તળાવ છે તે સુદર્શનના જેવું જ છે અને આજે ય કામ આપી રહ્યું છે. સોન-કંસારીના દેશ પાસે આવું મજબૂત પાળવાળું તળાવ છે. સાબરકાંઠા જિલ્લામાં શામળાજી વગેરે જગ્યાએ આવાં તળાવો જોવા મળે છે.

જૂનાગઢનું સુદર્શન સરોવર બે વાર તૂટ્યું અને તેનું સમારકામ થતું રહ્યું પણ ત્રીજીવાર ક્યારે તૂટ્યું હશે એની માહિતી મળતી નથી. શ્રી નરોત્તમ પલાણ એવું અનુમાન કરે છે કે ઇ.સ. ૭૮૮માં વલ્લભીભંગ પછી આ તળાવ તૂટ્યું હશે. જો પહેલાં તૂટ્યું હોય તો ક્ષત્રપવંશ અને ગુપ્તવંશના રાજ્યની માફક મૈત્રકવંશના રાજવીઓ તેનું પુનઃ નિર્માણ જરૂર કરાવે. આ રાજાઓ પ્રજાની સુખાકારીનો વિચાર કરે તેવા અને તળાવનું સમારકામ કરાવે તેવા સમર્થ હતા. આઠમી સદી પછી ગમે ત્યારે સુદર્શન તળાવ તૂટ્યું હશે અને પછીથી તેનું પુનઃનિર્માણ કરાવે તેવા કોઈ રાજવી જૂનાગઢમાં થયા નથી.

ચુડાસમાઓ શક્તિશાળી હતા પરંતુ તેમનો આરંભનો કાળ સોલંકીવંશ સાથે અને અંતનો કાળ અમદાવાદના સુલતાનો સાથેની લડાઈમાં વીત્યો. આવી સ્થિતિમાં સુદર્શન સરોવર ફરી રિપેર થઇ શક્યું નહીં. સુદર્શન તળાવનો ઇતિહાસ આપણા ઇતિહાસનું એક કરુણોજ્જવલ પ્રકરણ છે. તળાવ બાંધવા પાછળની લોકકલ્યાણની ભાવના અને વારેવારે તૂટ્યું તેની કરુણ કહાની જૂનાગઢના ઇતિહાસની નોંધ લેવા જેવી ઘટના છે.

(Sources & Photo Courtesy : https://gujarativishwakosh.org, https://aapdujunagadh.com, https://shareinindia.in, www.gujaratplaces.in, www.divyabhaskar.co.in)



**ગુજરાત સરકારના સંનિષ્ઠ પ્રયાસોના કારણે આ અભયારણ્યને આંતરરાષ્ટ્રીય કક્ષાની રામસર સાઇટ તરીકેનો દરજ્જો મળતા પ્રવાસી પક્ષીઓ માટે સ્વર્ગ સમાન તેમજ બેનમૂન પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા આ સ્થળની ખ્યાતિ વૈશ્વિક કક્ષાએ ફેલાશે તેમજ અહીંનું જૈવ વૈવિધ્ય દેશ-વિદેશના પક્ષી પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.**

# રામસર સાઇટ ઘોષિત થયું ખીજડીયા પક્ષી અભયારણ્ય



જામનગર સ્થિત ખિજડિયા પક્ષી અભ્યારણ્યને રામસર સાઈટ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે ગુજરાતમાં આ અભ્યારણ્ય ચોથું વેટલેન્ડ બન્યું છે. ઇરાનમાં રામસર સચિવાલય દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે. આ સાથે ભારતમાં રામસર સાઇટની કુલ સંખ્યા ૪૮ થઈ છે. ગુજરાતના ખિજડિયાની સાથે ઉત્તરપ્રદેશના બખીરા વન્યજીવ અભ્યારણ્યને પણ વેટલેન્ડના સંરક્ષણ અને સસ્ટેનેબલ યુઝ માટેની આંતરરાષ્ટ્રીય સંધિ રામસર સંમેલન દ્વારા આંતરરાષ્ટ્રીય મહત્વના વેટલેન્ડ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરાત આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ દિનની પૂર્વસંધ્યાએ કરવામાં આવી હતી.

વિશ્વભરમાં પક્ષીઓની અનેક જાતો વિવિધ ઋતુઓમાં અન્ય દેશોમાં પ્રવાસ કરે છે. આ પ્રવાસી પક્ષીઓના સંરક્ષણ અને સંવર્ધન હેતુ વર્ષ ૧૯૬૦ના દાયકામાં જે વેટલેન્ડ પર સૌથી વધુ પ્રવાસી પક્ષીઓ આવતા હોય તે સાઇટના રક્ષણ માટે વિવિધ દેશોની સરકાર વચ્ચે મંત્રણાઓ થઇ હતી અને વર્ષ ૧૯૭૧માં ઇરાનના રામસર શહેર ખાતે નિષ્ણાતો વચ્ચે ચર્ચાઓ થઇ હતી જેને રામસર સંધિ તરીકે ઓળખવામાં આવી છે. પક્ષીઓના રક્ષણ માટે આ ચર્ચાઓના આધારે રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. ૧૯૭૧માં ઇરાનના રામસરમાં પર્યાવરણની રીતે ખાસ મહત્વ ધરાવતી આદ્રભૂમિને સંરક્ષણ આપવાનો કરાર થયો હતો. યુનેસ્કો સાથે સંલગ્ન રહીને આ રામસર કન્ઝર્વેશન ભેજવાળી જમીનમાં સજીવોનું વૈવિધ્ય ધરાવતા સ્થળોને સંરક્ષિત કરવાની ભલામણ કરે છે. રામસર સંધિ પર થયેલા હસ્તાક્ષરને અનુલક્ષીને દર વર્ષે બીજી ફેબ્રુઆરીના રોજ વૈશ્વિક આર્દ્રભૂમિ દિવસ એટલે કે વર્લ્ડ વેટલેન્ડ ડે તરીકે મનાવવામાં આવે છે.

ખિજડિયા એ ગુજરાતનું ચોથું વેટલેન્ડ બન્યું છે. આ અગાઉ નળસરોવરને ૨૦૧૨માં જ્યારે થોળ અને વઢવાણાને ગયા વર્ષે એપ્રિલમાં વેટલેન્ડ રામસર સ્થળો ઘોષિત કરાયા હતા. રામસર પ્રકાશનમાં જણાવવામાં આવ્યું છે કે ઉત્તર-પશ્ચિમ ભારતમાં એક મહત્વપૂર્ણ વોટરબર્ડ વસવાટ તરીકે આ સ્થળ વિશાળ શ્રેણીના રહેવાસી જળચર અને જમીન આધારિત પ્રાણીઓ માટે સંવર્ધન, ખોરાક અને રોસ્ટિંગ મેદાન પ્રદાન કરે છે. છ ચોરસ કિલોમીટરનો વિસ્તાર ધરાવતું ખિજડિયા એ ગુજરાતના સર્વોત્તમ પક્ષી અભ્યારણ્ય પૈકી એક છે, અલ્પ વિસ્તારમાં ૧૨૫ વોટર બર્ડ્સ સહિત ૩૦૦થી વધુ પક્ષીઓની પ્રજાતિઓ જોવા મળે છે. આ સ્થળે ૧.૬૫ લાખ જેટલા પક્ષીઓની વ્યક્તિગત ગણતરી કરવામાં આવી છે જેમાં લુપ્તપ્રાય પલાસની ફિશ ઇગલ, ભારતીય સ્કિમર (રાજ્યન્કોપ્સ આલ્બીકોલિસ) અને સંવેદનશીલ સામાન્ય પોચાર્ડ (એન્થા ફેરીના)નો સમાવેશ થાય છે. પ્રકાશનમાં જણાવાયું છે કે આ સાઈટ પર ૧૮૦થી વધુ છોડની પ્રજાતિઓ ઉપસ્થિત છે જેમાં ગંભીર રીતે જોખમમાં મુકાયેલા ભારતીય બડેલિયમ-ટ્રી (કોમ્મીફોરા વિટી)નો સમાવેશ થાય છે. આ સાઇટ હાઇડ્રોલોજિકલ વ્યવસ્થાની જાળવણી, ધોવાણ સંરક્ષણ અને પોષક સાયકલિંગમાં ફાળો આપે છે અને તેનો ઉપયોગ મનોરંજન, પર્યટન, વૈજ્ઞાનિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે થાય છે.

આ પક્ષી અભયારણ્ય કચ્છના અખાતના દક્ષિણ તટ પર, જામનગરથી આશરે ૧૦ કિમી ઉત્તરપૂર્વીય અંતરે આવેલું છે, જે મોસમી તાજા પાણીના છીછરા તળાવ, આંતરિક ભરતીના કાદવ, ખાડીઓ, મીઠાના અગર, ખારી જમીન અને મેન્ગ્રોવની ઝાડીઓનું સંયોજન છે. અભયારણ્યનો કુલ વિસ્તાર ૬૦૫ હેકટર છે. આ સમગ્ર વેટલેન્ડ સંકુલ ત્રણ તાજા પાણીના તળાવોથી ઘેરાયેલું છે. જામનગર શહેરથી રાજકોટ તરફ જતાં ધોરીમાર્ગ પર આવેલા આ અભ્યારણ્યની રચના નવેમ્બર ૧૯૮૨માં કરવામાં આવી હતી. કહેવાય છે કે વિશ્વમાં ૮૬૦૦ જાતના પક્ષીઓ હોવાનો અંદાજ છે જેમાં ભારતીય ઉપખંડમાં આશરે ૧૨૩૦ જાતના પક્ષીઓ અને તે પૈકી ૪૫૩ જાતના પક્ષીઓ ગુજરાતમાં જોવા મળે છે. માત્ર જામનગર જિલ્લામાં ૨૫૨ જાતના પક્ષીઓ છે.

આ અભયારણ્યમાં સ્થાનિક પ્રદેશના કાળી કાંકણસાર, ગજપાંઉ, કપાસી, ભગવી સમળી, ઢાત્ર બગલો, પતરંગો, લીલા પગ તુતવારી, તેતર, શાહી ઝુંપસ, કાંણી બગલી, દેવ ચકલી, નાની વા બગલી, નીલ જલ મુરઘો સહિતનાં પક્ષીઓ જોવા મળે છે, એટલું જ નહીં, શિયાળો ગાળવા કાળી પુંછ ગડેરો, નકટો, કુંજ, નાની મુરઘાબી, ચેતવા, ચંચળ, પાન પટ્ટાઈ, સીંગપર, ટીલીયો, પીયાસણ, પટાઇ, કરકરા, દરિયાઇ કિચડીયો સહિતનાં પક્ષીઓ મહેમાનગતિ માણવા આવે છે. ભારતના જાણીતા પક્ષી નિષ્ણાત સલીમ અલીએ ૧૯૮૪માં ખીજડીયા પક્ષી અભયારણ્યની મુલાકાત લીધી ત્યારે એક દિવસમાં પક્ષીઓની ૧૦૪ જાતો શોધી કાઢી હોવાનું નોંધાયું હતું.

(સંદર્ભ: ગુજરાત સમાચાર, તા.૩.૨.૨૦૨૨)



# સૂરસામ્રાજ્ઞી લતા મંગેશકર

## ગુજરાત અને ગુજરાતી ભાષા સાથે નાતો

ભારત રત્ન લતા મંગેશકર છઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૨૨ની સવારે અનંતની વાટે ઉપડી ગયા. સૂરસામ્રાજ્ઞી લતા દીદીએ ૩૬ ભાષાઓમાં ૫૦ હજાર જેટલા ગીતો ગાયા છે. લતાજીને શરૂઆતથી જ ગુજરાતીઓ પ્રત્યે અપાર પ્રેમ હતો. ૧૯૫૩-૫૪માં પ્રથમવાર તેઓ અમદાવાદ આવ્યા ત્યારે પણ એક કાર્યક્રમમાં ગુજરાતીઓ અને ગુજરાતી ગીત-સંગીતના ભરપેટ વખાણ કર્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પ્રત્યે પણ એમને ખૂબ મનમેળ હતો. તેમણે ગુજરાતી ભાષામાં પણ ઘણાં ગીતો ગાયા છે. જેમાં ‘મારા તે ચિત્તનો ચોર રે મારો સાવરિયો’, ‘પાંદડુ લીલું ને રંગ રાતો’, ‘મહેંદી તે વાવી માંડવે ને એનો રંગ ગયો ગુજરાત રે..’ અને ‘દીકરી તે પારકી થાપણ કેવાય...’ જેવા ગીતો સામેલ છે.

લતા મંગેશકરના પિતા ભલે મરાઠી હોય, લતાજીના માતા શેવંતી ઉર્ફે શુદ્ધમતી (હુલામણું નામ માઈ) ગુજરાતી હતા. એ પ્રમાણે જોઈએ તો લતા મંગેશકર અડધા ગુજરાતી ગણાય. ગુજરાત-મહારાષ્ટ્ર સરહદે તાપી નદીને કાંઠે આવેલા પાંચ-સાત હજારની વસતી ધરાવતા થાળનેર નામના ગામમાં વસતા શેઠ હરિદાસ રામદાસ લાડ નામના સુખી વેપારીની પુત્રી નર્મદાના લગ્ન ૧૯૨૨માં દીનાનાથ સાથે થયા હતા. લગ્ન પછી નર્મદાનું નામ શ્રીમતી પાડવામાં આવ્યું હતું. એક પુત્રીને જન્મ આપ્યા પછી શ્રીમતીનું અવસાન થયું એટલે એની સગી નાની બહેન શેવંતી સાથે દીનાનાથે પુનર્લગ્ન કર્યું હતું. લગ્ન પછી શેવંતીનું નામ બદલી શુદ્ધમતી રાખેલું. લતા, આશા, મીના, ઉષા અને હૃદયનાથ આ પત્નીથી થયેલા સંતાનો હતા. લતાજી નાના હતા ત્યારે પોતાની માતાની માતા એટલે કે નાની પાસેથી કેટલાંક ગીતો અને ગરબા ગાતા શીખ્યા હતા.

સ્વર સમ્રાજ્ઞી લતા મંગેશકરનો ગુજરાત અને એમાંયે અમદાવાદ અને વડોદરા શહેર સાથે પ્રેમ અને લાગણીનો સંબંધ બંધાયેલો હતો. લતાજી ૧૯૭૧ના ડિસેમ્બરની ત્રીજી તારીખે અમદાવાદની ટૂંકી મુલાકાતે આવ્યાં હતાં ત્યારે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા તેમનું પાલડી ટાગોર હોલ ખાતે જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.



એ વેળાના મેયર નરોત્તમભાઈ ઝવેરીએ લતાજીનું પુષ્પહાર, શાલ અર્પણ કરીને સ્વાગત કર્યું હતું અને રાજ્યપાલશ્રી શ્રીમન્નારાયણજીએ મ્યુનિ. દ્વારા ખાસ મોમેન્ટો અર્પણ કર્યો હતો. મેયર-રાજ્યપાલના પ્રવચન બાદ સૌને એમ લાગતું હતું કે, લતા મંગેશકર કોઈ ગીત તો નહીં જ ગાય પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે ઊભા થઈને એમ કહ્યું કે, ‘દેખો મૈં ભાષન કરના જ્યાદા નહીં જાનતી. લેકિન ઇતના જરૂર કહૂંગી કિ, ગુજરાત કે લોગ જહાં ભી રહતે હૈ વહાં સબકો અપના બનાકર રહતે હૈ.. જૈસે મુંબઈમેં દેખતી આ રહી હૂં... મુજે ગુજરાત અમદાવાદ સે પ્યાર હૈ હમારે સબ ગુજરાતી ભાઈયોં કો નમસ્કાર.’

આ નમસ્કાર શબ્દ પૂરો સાંભળ્યા બાદ સૌને એમ લાગ્યું કે લતાજીના સુરીલા સ્વરથી આપણે વંચિત રહીશું. પણ તેની બીજી જ ક્ષણે લતાજીએ સ્વયં કહ્યું કે, ‘આપકી મ્યુનિસિપાલિટીને મેરા અભિવાદન કિયા હૈ. મૈં આપકી આભારી હૂં. આપ સબ ભી મનમેં સોચતે હોંગે કી, મૈં કુછ ગીત ગાંઉં. લેકિન મેં ગીત નહીં એક ભજન સુનાતી હૂં.’ એમ કહીને લતાજીએ ‘અલ્લાહ તેરો નામ, ઇશ્વર તેરો નામ’ ભજનનો હળવેકથી મીઠા મધુર અવાજમાં ઉપાડ કર્યો. આ વેળા હોલમાં ટાંકણી પડે તોયે અવાજ આવે એવી શાંતિ છવાઈ ગઈ હતી. સૌના ચહેરા અને કાન માત્ર અને માત્ર લતાજી પર જ મંડાયેલા રહ્યા હતા અને હોલમાં સંગીતનું વાતાવરણ જામ્યું હતું. એવા વાતાવરણ વચ્ચે લતાજીએ ભજન પૂરું કર્યું એ વેળા ટાગોર હોલ કંઇ કેટલીયે મિનિટ તાળીઓના ગડગડાટથી ગુંજતો રહ્યો હતો.

લતાજીને પાટણના પટોળાં પણ ખૂબ પસંદ હતા. લતાજીએ જ્યારે ભારત રત્ન સન્માન રાષ્ટ્રપતિ શ્રી કે.આર. નારાયણનના હસ્તે સ્વીકાર્યું ત્યારે તેમણે પટોળું જ પહેર્યું હતું. તેઓ પોતાની પસંદગી મુજબ સાયલાના મુકેશભાઈ પાસે પટોળાં તૈયાર કરાવતા. લતાજી જે પટોળુ મંગાવતા તેમાં તેઓ પ્લેન પટોળું જ પહેરવાનું પસંદ કરતા. લતાજીની સૂચના રહેતી કે બોર્ડર અને પાલવમાં કોઈપણ પ્રકારની ડિઝાઈન કરવાની છૂટ છે, પરંતુ સાડી એકદમ પ્લેન જ રાખવી.



એક અહેવાલ મુજબ લતાજી પાસે સૌથી પહેલાં ગુજરાતી ગીત સંગીતકાર પુરુષોત્તમ ઉપાધ્યાયે ગવડાવ્યું હતું. પુરુષોત્તમ ઉપાધ્યાયે લતાજી સાથેના સંબંધોની વાત કરતાં કહ્યું હતું કે ગાયિકા તરીકે લતાજી સફળ થવા લાગ્યા હતા ત્યારે એચએમવીએ એમને સૂચન કરેલું કે તમે ગુજરાતી ગીતો પણ ગાઓ. લતાજી સંગીતકાર મદન મોહનને ભાઈ જેવા ગણતા. લતાજી મદન મોહનને વાત કરી. મદન મોહનને પુરુષોત્તમ ઉપાધ્યાય સાથે સારા સંબંધ હતા. એમણે લતાજીને કહ્યું કે પુરુષોત્તમ સારા સ્વરાંકનો કરે છે. આ વાત પુરુષોત્તમ ઉપાધ્યાય સુધી પહોંચી. અને લતાજી પાસે પહેલવહેલું ગુજરાતી ગીત ગાવાનો યશ એમને મળ્યો. પહેલું ગીત જિતુભાઇ મહેતા રચિત 'અમથી અમથી મૂઇ ઓલી માંડવાની જૂઇ' હતું. એ રેકર્ડની બીજી બાજુ ભક્ત-કવિ દયારામનું ગીત 'હાં રે સખી નહીં બોલું નહીં બોલું નહીં બોલું રે' હતું. આ રેકર્ડ ધૂમ વેચાઇ હતી.

૧૯૬૦થી ૨૦૦૪ સુધીમાં લતાજીએ આશરે ૬૦-૭૦ ગુજરાતી ગીતો ગાયાં હતાં. એમાંના મોટા ભાગનાં ગુજરાતી ગીતો હિટ થયાં હતાં. એવાં થોડાં ગીતોની ઝલક અત્રે પ્રસ્તુત છે.

ફિલ્મઃ 'મહેંદી રંગ લાગ્યો' (૧૯૬૦), સંગીતકારઃ અવિનાશ વ્યાસ - આ ફિલ્મના મોટા ભાગનાં ગીતો લતાજીએ ગાયા છે. મુહમ્મદ રફી સાથે 'નયન ચકચૂર છે, મન આતુર છે...' ઉપરાંત મન્નાડે સાથે ટાઇટલ ગીત 'મહેંદી તે વાવી માળવે...', 'ઘુંઘટે ઢાંક્યું રે એક કોડિયું..', 'હું હરતી ફરતી રસ્તે રઝળતી વાર્તા..', મહેન્દ્ર કપૂર સાથે 'પાંદડું લીલું ને રંગ રાતો'. ફરી ટાઇટલ ગીત આ વખતે પિનાકિન શાહ સાથે.

ફિલ્મઃ 'ચૂંદડી ને ચોખા' (૧૯૬૧), સંગીતઃ અવિનાશ વ્યાસ. 'લાલ લાલ લાલ લાલ રે માની ચૂંદડીનો રંગ...' અને 'કોઇ ગોતી દેજો મારા રામ...'

ફિલ્મઃ 'ઘરદીવડી' (૧૯૬૧), સંગીતઃ અવિનાશ વ્યાસ. મહેન્દ્ર કપૂર સાથે 'જા જા રે જા, નહીં ખોલું ઘુંઘટ..' 'નીંદરડી રે આવ દોડી દોડી...' અને 'ક્યાંથી લાવું દોરો અને ક્યાંથી લાવું સોય...'

ફિલ્મઃ 'સત્યવાન સાવિત્રી' (૧૯૬૩), સંગીતઃ દિલીપ ધોળકિયા. 'રંગબેરંગી ચૂંદડીમાં ગોરી ઘેલી થાય...', 'નયણે નિરાયો ન કદી...', મુહમ્મદ રફી સાથે 'ઓ નાહોલિયા રે નેણ પરોવી...', ફરી રફી સાથે 'આવી રસીલી ચાંદની વનવગડો રેલવાતી...', 'ઓ રાત દોડે કાં બાવરી...' અને 'એમ તો જવાય ના' (ભાગ એક અને બે).

ફિલ્મઃ 'અખંડ સૌભાગ્યવતી' (૧૯૬૪), સંગીતઃ કલ્યાણજી આણંદજી. 'મારા તે ચિત્તનો ચોર રે મારો સાંવરિયો..', ટાઇટલ ગીત 'તને સાચવે પારવતી અખંડ સૌભાગ્યવતી..' અને 'સળગે છે સોહાગ સજનવા...'

ફિલ્મઃ 'કસુંબીનો રંગ' (૧૯૬૫), સંગીતઃ કલ્યાણજી આણંદજી. 'કુંજલડી રે સંદેશો અમારો હે જઇને વીરાજીને...' અને 'હંસલા હાલો રે હવે મોતીડા નહીં રે મળે...'

ફિલ્મઃ 'મેના ગુર્જરી' (૧૯૭૫), સંગીતઃ દિલીપ ધોળકિયા. 'અરધી રાતલડીએ મને જગાડી...'

ફિલ્મઃ 'વેરનો વારસ' (૧૯૭૬), સંગીતઃ અવિનાશ વ્યાસ. 'આવનારું આવે ક્યાંથી...'

આલ્બમઃ 'જયશ્રી યમુના મહારાણી' (૧૯૭૭), સંગીતઃ ચિત્રગુપ્ત. 'યમુનાષ્ટક ભાગ એક અને બે.'

ફિલ્મઃ 'જનમ જનમના સાથી' (૧૯૭૭), સંગીતઃ બપ્પી લાહિરી. 'જોઇ જોઇ થાકી દિશાઓ, સાથી મારું મન છે ઉદાસ...'

ફિલ્મઃ 'કુળવધૂ' (૧૯૭૭), સંગીતઃ કલ્યાણજી આણંદજી. 'મને ઘેલી ઘેલી જોઇ મને પૂછશે જો કોઇ...' અને 'તારે તે ભરોસે ભવ મૂક્યો મારો...'

ફિલ્મઃ 'મોટા ઘરની વહુ' (૧૯૭૮), સંગીતઃ અવિનાશ વ્યાસ. 'કાનુડા તારી ગોવાલણ...'

ફિલ્મઃ 'નારી તું નારાયણી' (૧૯૭૮), સંગીતઃ અવિનાશ વ્યાસ. 'આયો રે આયો રે આયો રે...'

ફિલ્મઃ 'લાલવાદી ફૂલવાદી' (૧૯૭૯), સંગીતઃ અવિનાશ વ્યાસ. 'ધરી કંકુ કંકણ પાનેતર...'

ફિલ્મઃ 'પારકી થાપણ' (૧૯૭૯), સંગીતઃ ગૌરાંગ વ્યાસ. 'દીકરી તો પારકી થાપણ કહેવાય...'

ફિલ્મઃ 'જીવી રબારણ' (૧૯૮૦), સંગીતઃ અવિનાશ વ્યાસ. 'વ્હાલીડા મુને મેલજે ના હવે...' અને 'ઓ અકળ જગતના જંતરનો...'

ફિલ્મઃ 'લોહીની સગાઇ' (૧૯૮૦), સંગીતઃ અવિનાશ વ્યાસ. 'કહી દો સૂરજને...'

ફિલ્મઃ 'નસીબદાર' (૧૯૮૧), સંગીતઃ ગૌરાંગ વ્યાસ. 'ઓધાજી રે મારા વ્હાલાને વઢી ને કહેજો...'

ફિલ્મઃ 'પંખીનો માળો' (૧૯૮૧), સંગીતઃ ગૌરાંગ વ્યાસ. 'ચાંદનીની ચાદર ઓઢી તું યે પોઢી જા...'

ફિલ્મઃ 'રાણો કુંવર' (૧૯૮૧), સંગીતઃ પુરુષોત્તમ ઉપાધ્યાય. 'દાદાને આંગણે આંબલો.'

ઉપરાંત હરીન્દ્ર દવેની રચના 'એક રજકણ સૂરજ થવાને શમણે' પણ લતાજીના કંઠમાં છે અને લતાજીએ આ ગીતને પોતાની આગવી હલકથી યાદગાર બનાવ્યું છે.

આ ઉપરાંત ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમીનાં પૂર્વ ચેરમેન પંકજ ભટ્ટના જણાવ્યા અનુસાર ગુજરાતી ફિલ્મ 'બાપા સિતારામ'માં ગાંધીજીનાં પ્રિય ભજન 'વૈષ્ણવજન તો તેને..' લતાજીએ ગાયેલું છેલ્લું ગુજરાતી ગીત છે.

(Sources & Photo Courtesy : www.gujaratsamachar.com, https://sandesh.com, www.vtvgujarati.com)